પરિપત્ર

ક્રમાંક:મઉમશબ/શાનિ/ ૨૩૦૪૨/૨૩
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦/બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૩/૨/૧૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ.

વિષય :- વિદ્યાર્થીઓને શાળા દ્વારા આપવામાં આવતા એલ. સી. (શાળા છોડ્યાના પ્રમાણપત્ર) ગુજરાતી અને અંગ્રેજીમાં આપવા બાબત.

સંદર્ભ :- ૧) શિક્ષણ વિભાગના તા.૦૪/૦૫/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક: મશબ-૧૨૧૧-૩૪૭-છ અન્વયે.
૨) બોર્ડની તા.૧૦/૧૨/૨૦૧૫ ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક: ૨૩૩/૨૦૧૫ અન્વયે.
૩) બોર્ડની તા.૨૩/૧૨/૨૦૧૫ ના સામાન્ય સભાના ઠરાવ ક્રમાંક: ૧૪/૨૦૧૫ અન્વયે.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે વિદ્યાર્થીઓને ઘણી શાળામાં આપવામાં આવતા લીવીંગ સર્ટી ગુજરાતીમાં આપવામાં આવે છે. પ્રવર્તમાન સમયમાં ગુજરાતના વિદ્યાર્થીઓ રાજ્ય તથા દેશ બહાર ઉચ્ચ અભ્યાસ અર્થે જવા લાગ્યા છે. આવા વિદ્યાર્થીઓને લીવીંગ સર્ટી અંગ્રેજીમાં કરવા માટે નોટરી પાસે જવું પડે છે. જેમાં વિદ્યાર્થીઓના સમય, શક્તિ અને નાણાંનો વ્યય થાય છે તેમજ અંગ્રેજી લીવીંગ સર્ટી કરવા માટે જાણકારી વિદ્યાર્થી પાસે હોતી નથી. આ બાબતે અગાઉ પણ સંદર્ભ-૧ ના બોર્ડના પરિપત્ર પત્ર ક્રમાંક:મઉમશબ/ગા/ટે-૧/૧૩૭૬/૯૯ ના પત્રથી તા.૧૭/૦૫/૨૦૧૧ થી સુચના આપેલ છે. વધુમાં બોર્ડની તા.૧૦/૧૨/૨૦૧૫ ના રોજ મળેલ કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક: ૨૩૩/૨૦૧૫ થી પ્રસ્તાવ નં-૪ મંજુર કરેલ છે. તેમજ તા.૨૩/૧૨/૨૦૧૫ ના રોજ મળેલ સામાન્ય સભાના ઠરાવ ક્રમાંક: ૧૪/૨૦૧૫ ના પ્રસ્તાવ નં.૨ થી કારોબારી સમિતિના ઠરાવને સમર્થન મળેલ છે. આમ શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓને ધો-૧૦ અને ધો-૧૨માં આપવામાં આવતા એલ.સી. (શાળા છોડ્યાના પ્રમાણપત્ર) આ સાથેના નમુના મુજબ ગુજરાતી અને અંગ્રેજીમાં આપવાનું ઠરાવેલ છે. તો આપના તાબા હેઠળની નોંધાયેલ માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- ઉપર મુજબ.

(આર. આઈ. પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ રવાના :-
બોર્ડ સભ્યશ્રીઓ તરફ જાણ સારૂ.

D:\RAHUL\JANUARY-2017.doc